बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda
विजया VIJAYA | देना DENA

બેંક ઓફ બરોડા - રીજીયોનલ ઓફીસ : પહેલો માળ,
બીઓબી બિલ્ડીંગ, એમ. જી. રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧.
E-mail : recovery.rajkot@bankofbaroda.com

સિક્યોરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (હવે પછીથી કાયદા તરીકે નિર્દિષ્ટ) હેઠળ બેંક પાસે ગીરવે મૂકેલ સ્થાવર/ જંગમ મિલકતોનું વેચાણ

# મેગા ઈ-હરાજી વેચાણ નોટિસ

## સ્થાવર/જંગમ મિલ્કતોનું વેચાણ (એપેન્ડીક્સ - ૪ - એ) (નિયમ ૬(૨) અને ૮(૬)ના વંચાણ હેઠળ)

**સિક્યોરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) એક્ટ, ૨૦૦૨ ના નિયમ ૬ (૨) અને ૮(૬)ના વંચાણ હેઠળ સ્થાવર/જંગમ મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ**

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ઋણકર્તા (ઓ) અને જામીનદાર (ઓ)ને ખાસ કરીને નોટિસ આપીને જણાવવાનું કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો જે **બેંક ઓફ બરોડા**ને મોર્ગેજ / ચાર્જડ કરેલી છે અને તેનો સીક્યુર્ડ ક્રેડીટર તરીકે **બેંક ઓફ બરોડા**ના અધિકૃત અધિકારી દ્વારા કબજો મેળવી લેવામાં આવ્યો છે જેને નીચે દર્શાવેલ ખાતા/ઓની બાકી લેણાંની વસૂલાત માટે ''જ્યાં છે ત્યાં છે'', ''જેમ છે તેમ છે'' અને ''જે રીતે છે તે રીતે છે '' ના આધારે ઈ - હરાજીથી વેચાણ કરશે. ઋણકર્તાઓ/ જામીનદારો/ સંપતિઓ/ બાકી લેણાં/ અનામત કિંમત / ઈ-હરાજી તારીખ અને સમય, ઈ.એમ.ડી. તથા બીડ વધારાની રકમ નીચે મુજબ છે.

**નીચે દર્શાવેલ મિલકતોની ઈ-હરાજીની તારીખ અને સમય : ૨૯.૦૧.૨૦૨૨, બપોરે ૨:૦૦ થી ૬:૦૦ સુધી**

**નીચે દર્શાવેલ મિલકતોની નિરીક્ષણની તારીખ અને સમય : ૨૮.૦૧.૨૦૨૨, સવારે ૧૧:૦૦ થી બપોરે ૩:૦૦ સુધી**

| ક્રમ/ લોટ નં. | શાખાનું નામ, ઉધારકર્તા/ઓ અને જામીનદાર/ઓનાં નામ અને સરનામાં | સ્થાવર મિલ્કતોની ટુંકમાં માહિતી | સરફેસી એક્ટ, ૨૦૦૨ના કલમ ૧૩(૨) હેઠળ બાકી લેણાં | અનામત કિંમત, અને ઈ.એમ.ડી. (રૂા. માં) | કબજાનો પ્રકાર (સાંકેતિક /પ્રત્યક્ષ) | અધિકૃત અધિકારીનું નામ અને સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|
| ૧ | **ઈમ્પીરીયલ હાઈટ્સ શાખા, રાજકોટ**<br>**મે. વરૂડી કોટન એન્ડ જીનીંગ ગામ : જીલરીયા, તા. પડધરી, જી. રાજકોટ-૩૬૦ ૧૧૦,**<br>**(૧) શ્રી જગદીશભાઈ ઠાકરશીભાઈ લીંબાસીયા (ભાગીદાર અને જામીનદાર)**<br>**(૨) શ્રી અજયભાઈ માવજીભાઈ કુંમર (ભાગીદાર અને જામીનદાર)**<br>**(૩) શ્રી નીતીનભાઈ ઠાકરશીભાઈ લીંબાસીયા (ભાગીદાર અને જામીનદાર)**<br>**(૪) શ્રી અક્ષય રઘુભાઈ કુંમર (ભાગીદાર અને જામીનદાર)**<br>**(૫) શ્રી ખોડાભાઈ માવજીભાઈ કુંમર (જામીનદાર)**<br>**(૬) સંદીપ બાબુલાલ સાવલીયા (જામીનદાર)** | કોટન જીનીંગ અને પ્રેસીંગ માટે વપરાતા વરૂડી કોટન અને જીનીંગના **પ્લાન્ટ અને મશીનરીઝ :** જે ગામ : જીલરીયા - સરપદડ, તાલુકો : પડધરી, જી. રાજકોટ ખાતે સ્થિત છે. | તારીખ ૧૪-૦૯-૨૦૨૧ રૂા. ૫,૧૬,૫૨,૯૮૯.૮૦ + નહીં લાગુ પડેલ વ્યાજ + બીજા ચાર્જીસ - રીકવરી | **અનામત કિંમત : ૬૫,૬૫,૦૦૦/-**<br>**ઈ.એમ.ડી. : ૬,૫૬,૫૦૦/-** | **સાંકેતિક** | **શ્રી મનજીતકુમાર તિવારી ૯૬૮૭૬ ૯૬૦૦૩**<br>**રણજીતકુમાર ગુપ્તા ૯૬૮૭૬ ૭૩૪૨૦** |

**ઈ-હરરાજી વેચાણમાટે શરતો અને નિયમો :** વેચાણ માટે નીચે દર્શાવેલ શરતો અને નિયમોને આધીન રહેશે.

(૧) હરરાજીથી વેચાણ ઈ-ઓકશન મોડ દ્વારા કરવામાં આવશે. જે પોર્ટલ https://bob.auctiontiger.net પરથી થશે. **(૨)** ઉપરોક્ત શિડયુલમાં દર્શાવેલ સિકયોર્ડ મિલકતોમાં કાળજીપૂર્વક તેની પૂરતી વિગતો સામેલ કરવામાં આવી છે. તેમાં કોઈ ભૂલ, ખોટી રજુઆત કે કંઈ રહી ગયુ હોય તો તેના માટે અધિકૃત અધિકારી જવાબદાર ગણાશે નહીં. **(૩)** ઈ-હરરાજી પ્રક્રિયામાં ભાગ લેતાં પહેલાં ઈ-હરરાજી વેચાણની શરતો અને નિયમો રસ ધરાવનાર બીડરોએ પોર્ટલ https://bob.auctiontiger.net પરથી જોઈ જવી. અને માન્ય અધિકૃત અધિકારીનો ઉપરોક્ત મિલકત માટે સંપર્ક કરવો. જે દરેક મિલકત સામે આપેલ છે. **(૪)** સુરક્ષિત મિલકતો રિઝર્વ પ્રાઈઝ કરતાં ઓછી કિંમતે વેચવામાં આવશે નહીં. રિઝર્વ પ્રાઈઝ કરતાં એક ઈન્ક્રીમેન્ટ ઉપર કિમતથી હરરાજીની શરૂઆત થશે અને બીડરો તેમના પ્રસ્તાવો ઉપર જણાવેલ વધારવાની રકમથી વધારી શકે છે. **(૫) ઈચ્છુક બીડરોએ NEFT અથવા RTGS દ્વારા ઈએમડી રજૂ કરવાનું રહેશે, તે સંદર્ભમાં હરાજીની તારીખના બે દિવસ પહેલા ઈએમડી કલેકશન એકાઉન્ટ (A/c no. 03600400000501 IFSC: BARB0RAJKOT) માં પહોંચતું કરવાનું રહેશે. જો ખરીદનાર હરાજીની તારીખના બે દિવસની અંદર કેવાયસી ડોકયુમેન્ટ જમા કરાવે તો તે સ્વીકારવાનો અધિકાર બેંકના અધિકૃત અધિકારી/બેંક/ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડરને રહેશે, અને કેવાયસીની ચકાસણીની તથા ઈએમડી રકમની પ્રક્રિયા પૂર્ણ થશે. પરંતુ તેવા સંજોગોમાં કેવાયસી ડોકયુમેન્ટ જમા થવામાં વિલંબ/ચકાસણી થવામાં નિષ્ફળતા અને ઈ.એમ.ડી. રકમ ઈએમડી એકાઉન્ટમાં ટ્રાન્સફર થવામાં નિષ્ફળ જશે તો તે અંગે બેંકના અધિકૃત અધિકારી/ બેંક / ઈ-ઓકશન સવિસ પ્રોવાઈડરની કોઈપણ જાતની જવાબદારી રહેતી નથી. રસ ધરાવનાર પ્રસ્તાવકારોએ જો ઈએમડી કલેકશન એકાઉન્ટમાં ઈએમડીની રકમ જમા કરાવેલ હશે અને પોર્ટલમાં ઉપલબ્ધ કોલમ/ખાતા અનુસાર ઈ-ઓકશન પ્લેટફોર્મ પોર્ટલ https://bob.auctiontiger.net પર બીડરે રજીસ્ટ્રેશન કરેલ હશે તો જ ઈચ્છુક બીડર ઈ-હરાજીના દિવસે બીડ ભરી શકશે. (એ) ઈ.એમ.ડી. જમા કરાવ્યાનું પ્રુફ (બી) પોતે પ્રમાણિત કરેલું આઈડેન્ટીટી કાર્ડ કે જેમાં ફોટોગ્રાફ અને ઈચ્છુક બીડરનું રહેણાંક સરનામું અને ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયાએ ઈસ્યુ કરેલ પાનકાર્ડની ટુ કોપી ધરાવતું હોવું જોઈએ. અધિકૃત અધિકારી દ્વારા અસલ દસ્તાવેજો ચકાસણી માટે માંગવામાં આવે તો રજુઆત કરવાની રહેશે. (સી)** ઈચ્છુક બીડરનો મોબાઈલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસ **(ડી)** ઈ.એમ.ડી. ના રીફંડ માટે ઈચ્છુક બીડરના બેંક એકાઉન્ટની વિગતો. **(૬)** રસ ધરાવનાર બીડરો તેમનો લોગઈન આઈડી અને પાસવર્ડ પોર્ટલ https://bob.auctiontiger.net પરથી મેળવી શકે છે. જો તેમને લોગ ઈન આઈડી કે પાસવર્ડ મેળવવાનું ડેટા અપલોડીંગ માટે, પ્રસ્તાવો મોકલવા માટે, ઈ બીડ પ્રક્રિયાની તાલીમ વગેરે લેવા માટે મદદની જરૂર હોય તો **મે. ઈ-પ્રોક્યુરીમેન્ટ ટેકનોલોજી લી., ઓકશન ટાઈગર**, www.eptl.in, www.auctiontiger.in, એ-૮૦૧, વોલસ્ટ્રીટ-૨, ઓરીઅન્ટ કલબની સામે, ગુજરાત કોલેજ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬, ગુજરાત. હેલ્પલાઈન નં. +91 6352490773, 9619002431, 9619120214, શ્રી વિજય શેટ્ટી - આસી. મેનેજર : +91 - 9619002431/ 9619120214, ઈ-મેઈલ : vijay.shetty@auctiontiger.net; તીલક મરાઠા - આસી. મેનેજર - +91 - 6351896832, ઈ-મેઈલ : tilak@auctiontiger.net; રીકીન બ્રહ્મક્ષત્રીય - સીની. મેનેજર - +91 - 6351896833/ 9913326773, ઈ-મેઈલ : rikin@auctiontiger.net, રવી સેલાડીયા - ડે. મેનેજર - +91 - 9081000428, ઈ-મેઈલ : Ravi.S@auctiontiger.net પર સંપર્ક સાધી શકે છે. **(૭)** જે પ્રસ્તાવકારો પાસે યોગ્ય યુઝર આઈડી, પાસવર્ડ અને NEFT or RTGS થી ઈએમડી મોકલી હશે તેમને જ ઈ-હરરાજીમાં ભાગ લેવા દેવામાં આવશે. અધિકૃત અધિકારીને એક અથવા બધા પ્રસ્તાવો સ્વિકારવાનો કે નકારવાનો અબાધિત અધિકાર છે. તદ્દુપરાંત કોઈપણ કારણ આપ્યા વિના હરરાજી મુલતવી રાખવાનો, કેન્સલ કરવાનો, પાછી ઠેલવાનો અથવા પડતી મુકવાનો ઈ-હરરાજી પ્રક્રિયા શરૂ થતાં પહેલાં અધિકાર છે અને તેમનો નિર્ણય આ બાબતે અંતિમ ગણાશે. **(૮)** હરરાજી બંધ થવાની છેલ્લી પાંચ મિનિટમાં જો કોઈ બીડ આવશે તો બંધ કરવાનો સમય આપોઆપ પાંચ મિનિટ વધારવામાં આવશે. **(૯)** હરરાજી પ્રક્રિયાની સમાપ્તિ વખતે કોઈ બીજી બીડ મળી ના હોય તો જેણે સૌથી ઊંચી બોલીની બીડ કરી હોય તો તેને સફળતમ બીડર જાહેર કરવામાં આવશે અને અધિકૃત અધિકારી એક્ટની કલમ ૧૩ (૪) હેઠળ મળેલ સત્તાની રૂએ પ્રોપર્ટી અંગે કોઈપણ અધિકારનો ઉપયોગ કરવા મુક્ત હશે. **(૧૦)** ફક્ત ૨૫% વેચાણ કિંમત ભરવાથી જ વેચાણ બીડરની તરફેણમાં થયું ગણાશે નહીં. અને વેચાણ સુરક્ષિત લેણદારની સ્વિકૃતિને આધીન રહેશે. **(૧૧)** સફળ બીડરે ઉપરોક્ત પેરા નં. ૧૦માં જણાવ્યા મુજબની રકમ અધિકૃત અધિકારીને જમા કરાવ્યા બાદ બાકીની વેચાણ કિંમત વેચાણ મંજુર થયાના ૧૫ દિવસમાં ભરી દેવી પડશે. જો સફળ બીડર બાકીની વેચાણ કિંમત ભરવામાં અસફળ થશે તો જમા કરાવેલી બધી જ રકમ જપ્ત કરવામાં અવશે. **(૧૨)** આ નોટિસ પ્રસિધ્ધ થતા પહેલા જો ઋણકર્તા અથવા તેને બદલે ગેરન્ટર બાકીના લેણાં, ચાર્જીસ, કોસ્ટસ અને ખર્ચા અથવા બેંકને માન્ય હોય તેવા ભાગની રકમ ભરી દેશે તો મિલકતનું વેચાણ રદ કરવામાં આવશે. **(૧૩)** તમામ જાતના વૈધાનિક દેવા/ એટેન્ડન્ટ ચાર્જીસ / અન્ય દેવા જેવા કે રજીસ્ટ્રેશન ચાર્જીસ, સ્ટેમ્પ ડયુટી, ટેક્ષ વગેરે ખરીદનારે ભોગવવાના રહેશે. **(૧૪)** જે નામે બીડ સબમીટ કરવામાં આવ્યું હોય તે જ નામે સેલ સર્ટિફિકેટ કાઢી આપવામાં આવશે. **(૧૫)** બેંકે કોઈ જાણમાં હોય તો મિલકત પરનો કોઈ બોજો હોય તો તે જાહેર કર્યો છે. અધિકૃત અધિકારી અથવા બેંક, ઈ-હરરાજીવાળી કોઈપણ મિલકત પરના કોઈપણ ચાર્જ, લીયન, બોજો અથવા મિલકત ઉપરનો સરકારનો કે અન્ય સંસ્થાનું દેવુ વગેરે અંગે કોઈપણ રીતે જવાબદાર નથી. ઈચ્છુક બીડરે મિલકત પરના કોઈપણ બોજા અને વૈધાનિક જવાબદારીઓ, પ્રોપર્ટી ટેક્ષ, વીજળી બિલ વગેરેની પોતાની જાતે સ્વતંત્ર તપાસ કરવી. **(૧૬)** બીડરે ઈન્ટરનેટ કનેકટીવીટી, પાવર બેક અપ વગેરેની યોગ્ય ચોકસાઈ કરવી. બેંક ઈન્ટરનેટ ફેલયોર, પાવર ફેલ્યોર અન્ય ટેકનિકલ ખામીને કારણે ઈ-હરરાજીને અસર થાય તો તે માટે બેંક જવાબદાર રહેશે નહીં. **(૧૭)** ઉપરોક્ત દર્શાવેલ મિલકતનું ઈચ્છુક બીડરોએ નિરીક્ષણ કરવા માટે સંબંધિત બ્રાન્ચ મેનેજર અથવા અધિકૃત અધિકારીનો અગાઉથી એપોઈન્ટમેન્ટ લઈને સાઈટ ઉપર કોઈપણ ચાલુ કામકાજના દિવસે સવારે ૧૦.૦૦ થી બપોરે ૪.૦૦ દરમિયાન નિરીક્ષણ કરી શકે છે. **(૧૮)** જો યોગ્ય ગણવામાં આવે તો બેંક કોઈપણ એક અથવા એકથી વધુ મિલકતનું બીડ સ્વિકારશે. **(૧૯)** બેંક કોઈપણ એક અથવા બધી ઓફર અથવા બીડ જે મળ્યા છે તે સ્વીકારવા અથવા નકારવાના હક્કને અથવા કોઈપણ કારણ દર્શાવ્યા વગર વેચાણ રદ્ કરવાનો અબાધિત હક્ક ધરાવે છે. **(૨૦)** ખરીદનારે જંગમ મિલકતો પર ગર્વમેન્ટ રૂલ્સ મુજબ જી.એસ.ટી. ભરવાનો રહેશે.

**ઋણકર્તા / ગેરન્ટર / મોર્ગેજરને સરફેસી એક્ટ હેઠળ ૩૦ દિવસની વૈધાનિક નોટિસ**

**તારીખ : ૧૫.૧૨.૨૦૨૧,**
**સ્થળ : રાજકોટ**

**(આ હરાજી નોટિસનું અંગ્રેજીમાંથી અન્ય ભાષામાં અનુવાદ કરતી વખતે કોઈ ક્ષતિ થયેલ જણાશે તો અસલ અંગ્રેજી લખાણ જ માન્ય ગણાશે)**

**અધિકૃત અધિકારી,**
**બેંક ઓફ બરોડા**